## જન્મદિને વધામણી



**ડાહ્યાભાઈ એન પ્રજાપતિ**
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



**જિતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ વાઘેલા**
ઉપપ્રમુખ, શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર
મો. ૯૪૨૬૦ ૮૪૬૬૬



**કિરણકુમાર અંબાલાલ દરજી**
મો. ૯૯૯૮૨ ૯૯૨૫૬



**પરી નિમેષકુમાર રાવલ**
મો. ૯૪૨૬૨ ૬૮૯૩૦



**ધ્વની ભરતભાઈ બાબરીયા**
મો. ૯૯૯૮૮ ૪૭૦૨૭

# ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિક ઉત્સવ ૨૭મીએ

### સાહિત્યિક પરિસંવાદ યોજાશે : ટૂંકી વાર્તા, નવલિકા, બાળ સાહિત્ય, કવિતા-ગઝલ, લોકસાહિત્ય અંગે ખ્યાત વક્તાઓ વક્તવ્ય આપશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર સાહિત્ય સભાનો વાર્ષિક ઉત્સવ આગામી તારીખ ૨૭ ફેબ્રુઆરીના રોજ યોજાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે સંસ્થાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે સાહિત્યિક પરિસંવાદનું આયોજન સોમવારે, સવારે ૧૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સૅક્ટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. આ પરિસંવાદના ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે. ટૂંકી વાર્તા, નવલિકા અંગે વાર્તાકાર અને જલારામ દીપ, વડોદરાના તંત્રી સતીષ ડણાક, બાળ સાહિત્ય અંગે અમદાવાદના બાળ સાહિત્યકાર નટવર પટેલ, કવિતા-ગઝલ અંગે કવિ-ગઝલકાર ચીનુ મોદી તથા લોક સાહિત્ય અંગે લોક સાહિત્યકાર યોગેશ ગઢવી પોતાનું વક્તવ્ય આપશે.

સાહિત્યમાં રસ ધરાવતા સૌ ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભા વતી તેમણે આમંત્રણ પાઠવ્યું છે.



એસ.જી.અંગ્રેજી પ્રાથમિક શાળામાં રોજ ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે માર્ગ સુરક્ષા અંતર્ગત કાર્યક્રમ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા માર્ગ સુરક્ષા અંગે જાગૃત થાય તે હેતુથી રોડ સેફટી અંતર્ગત નુક્કડ નાટક અને વિડિયો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

માતા એક એવી બૅન્ક છે
જ્યાં સંતાનો
પોતાની લાગણી
અને દુખને
ડિપોઝીટ કરાવી શકે છે
બદલામાં
રાહત અને સુખ
પ્રાપ્ત કરી શકે છે

## રાજપૂત સમાજ દ્વારા આજે મ્યુઝિકલ શો

ગાંધીનગર, તા. ૨૪

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા શનિવારે ગાંધીનગર ટાઉન હૉલ ખાતે મ્યુઝિકલ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા અને મહામંત્રી પ્રદીપસિંહ બિહોલાએ જણાવ્યું છે કે સંગીતકાર લાખિઆ બ્રધર્સ દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે તા. ૨૫ ફેબ્રુઆરી ને શનિવારના રોજ રાત્રે ૯ કલાકે આ મ્યુઝિકલ શો પ્રસ્તુત કરવામાં આવશે, જેના પ્રોગ્રામ કો-ઑર્ડિનેટર વિપુલ પારેખ છે. સમાજના સૌ પરિવારજનોને આ કાર્યક્રમનો લાભ લેવા તેમણે હાર્દિક ઈજન પાઠવ્યું છે.

# અમરેલી જિલ્લાના નાગરિકોનો આજે યોજિત કાર્યક્રમ મુલતવી

### કાર્યક્રમ ૨૭ ફેબ્રુઆરી ને સોમવારના રોજ સાંજે ૬ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ, ગાંધીનગરનો સ્નેહ મિલન અને વિદ્યાર્થી પુરસ્કારનો કાર્યક્રમ અગાઉ તારીખ ૨૫ ફેબ્રુઆરી ને શનિવારે સાંજે ૫-૦૦ કલાકે સેકટર-૧૬, રંગમંચ ખાતે યોજાવાની જાહેરાત કરવામાં આવી હતી, જે કાર્યક્રમ શનિવારે મુલતવી રાખીને હવે આગામી તા. ૨૭ ફેબ્રુઆરી ને સોમવારના રોજ સાંજે ૬ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે અમરેલી જિલ્લાના વતની હોય અને ગાંધીનગર ખાતે નિવાસ કરતા હોય તેવા મહાનુભાવોને પરિવાર સાથે હાજર રહેવા અપીલ કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે વસતા મૂળ અમરેલી જિલ્લાના લોકોનું સંગઠન અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ દ્વારા સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે આયોજીત વિદ્યાર્થી પુરસ્કારનાં કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉપરાંત બારમા ધોરણ સુધીના વિદ્યાર્થી માટે કોઈ પણ વિષય ઉપર ત્રણ મિનિટની મર્યાદામાં વકતવ્યનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જે વિદ્યાર્થીઓ આ વક્તવ્યમાં ભાગ લેવા માંગતા હોય તેમણે પોતાના નામ અગાઉથી નોંધાવી દેવા જણાવાયુ છે. વધુ વિગત માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ વ્યાસ અથવા મંત્રી ગોવિંદભાઈ દુધાતનો સંપર્ક સાધવા જણાવાયું છે.

# ઉમા આર્ટ્સ-નાથીબા કૉમર્સ મહિલા કૉલેજનો વાર્ષિકોત્સવ મંગળવારે

### શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે આયોજિત કાર્યક્રમ સાથે ઈનામ વિતરણ સમારોહ પણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સૅક્ટર-૨૩, ગાંધીનગરનો પચીસમો વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ સમારોહ મંગળવારે યોજાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં પ્રિન્સિપાલ ડૉ. અમૃતા પરેશ પટેલ અને વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોષીપુરાએ જણાવ્યું છે કે આગામી તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૩૦ કલાકે સંસ્થાના વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ માટે સમારોહનું આયોજન શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ સમારોહના અધ્યક્ષ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ ડી પટેલ, ઉદ્‌ઘાટક તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રૅસિડેન્ટ વલ્લભભાઈ પટેલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહેશે.

# જલારામ સેવા સમાજ દ્વારા વિદ્યાર્થી શુભેચ્છા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા રાજ્ય પરીક્ષા બૉર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓ માટે શુભકામના સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ જિતેન્દ્રકુમાર સેજાણીએ જણાવ્યું છે કે ધોરણ-૧૨ તથા ધોરણ-૧૦ની પરીક્ષા આપવા જઈ રહેલા સમાજના વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવવા માટે એક સમારોહનું આયોજન આગામી તા. ૨૬ ફેબ્રુઆરી ને રવિવારના રોજ સાંજે ૪ કલાકે શ્રી જલારામ ધામ, સૅક્ટર-૨૯ ખાતે કરવામાં આવ્યું છે. સમાજના છાત્રો તથા તેમના વાલીઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે અનુરોધ કર્યો છે.

# અમદાવાદમાં ઍનઆરજી પૅરેન્ટ્સ ડેનું આયોજન





નૉન રૅસીડેન્ટ ગુજરાતી (ઍનઆરજી) પૅરેન્ટ્સ ડેનું આયોજન જીસીસીઆઈ ઍનઆરજી સૅન્ટર દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજીના ટ્રસ્ટી વિરેન પટેલ, જીસીસીઆઈ ઍનઆરજી સૅન્ટરના ચૅરમૅન કે ઍચ પટેલ, જમ્મુ-કાશ્મીર અને દિલ્હી હાઈ કૉર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ બી સી પટેલ, જીસીસીઆઈના પ્રમુખ બિપીન પટેલ, રાજ્ય સરકારના ઍનઆરઆઈ વિભાગના અધિક સચિવ ઍન પી લવિંગીયા, ઍસઍસ વ્હાઈટ ટૅકનોલૉજીસના સીઈઓ અને માલિક રાહુલ શુક્લ, સીમ્સ હૉસ્પિટલના તબીબ ડૉ. કેયુર બુચ અને ગુજરાત સ્ટેટ ઍનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગરના મૅનેજર ઍચ આર ગોહેલ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે કવિ કાગ વિષયે વસંતભાઈનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૪

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજના ઉપક્રમે લોકસાહિત્યના મર્મજ્ઞ વસંતભાઈ ગઢવીના વક્તવ્યનું આયોજન શનિવારે ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે પ્રાધ્યાપક તખતસિંહ પરમાર 'ગુરુજી' વ્યાખ્યાન માળા અંતર્ગત જાણીતા કટાર લેખક અને લોકસાહિત્ય મર્મજ્ઞ વસંતભાઈ ગઢવીનું કવિ કાગ વિષયે વક્તવ્ય કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ, સૅક્ટર-૧૭ ખાતે તા. ૨૫ ફેબ્રઆરીના રોજ સાંજે ૬ વાગે આયોજિત કરવામાં આવ્યું છે. સાહિત્યમાં રસ ધરાવતા નગરજનો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને પણ આ વક્તવ્યનો લાભ લેવા તેમના દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સૃષ્ટિરૂપેણ સંસ્થિતા : સ્ત્રીનાં સંવેદનનું સંગીતમય સ્તુતિગાન




હું શક્તિ છું, હું ભક્તિ છું, હું વહાલની અભિવ્યક્તિ છું.

મમતાય છું, સમતાય છું, ક્ષમાય છું, ક્ષમતાય છું.

છું રાગ ને છું રાગિણી, છું સંગિણી, અર્ધાંગિણી.

સર્જન તણો હું મંત્ર છું, છું અભિન્ન, તોય સ્વતંત્ર છું.

શક્તિ ભલે હો મારું કુળ, પણ મૂળ તો હું વ્યક્તિ છું.

પનઘટ કલા કેન્દ્રના પંદર વર્ષના પોંખણા કરવાના પ્રસંગે સંચાલિકા ડૉ. માર્ગી હાથીએ સ્ત્રીની આ ખૂબ હૃદયસ્પર્શી પંક્તિઓ સાથે શરૂઆત કરાવી. એક નોખું-અનોખું સ્વર નર્તન આ કાર્યક્રમમાં સૌને માણવા મળ્યું. અસીમ સ્નેહ, અદ્‌ભૂત સમર્પણ અને અમાપ શક્તિનો અગાધ સ્ત્રોત એટલે સ્ત્રી. સ્ત્રીના દીકરીથી લઈને દૈવી સ્વરૂપ સુધીનાં સ્તુતિગાન પણ ત્રણ સ્ત્રીઓ દ્વારા જ કરવાનો સ્તુત્ય પ્રયાસ અને કલાકાર દીકરીઓને સન્માનવાનો પ્રસંગ એટલે પનઘટનો કાર્યક્રમ 'સૃષ્ટિરૂપેણ સંસ્થિતા.'

પનઘટે પંદર વર્ષની પોતાની સફળ યાત્રાના સહભાગી કલાકારોનું સન્માન-અભિવાદન કરવાનો સુંદર કાર્યક્રમ સંપન્ન કર્યો. મંચ પર બિરાજમાન સંગીતકાર નૈનેશ જાની, ડેપ્યુટી મેયર શૈલેન્દ્રસિંહ બિહોલા, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, વી ઍસ ગઢવી, જયરાજસિંહ સરવૈયા, કલ્પેશ દલાલ અને ભાવિન પટેલના હસ્તે આ કલાકારોને ટ્રૉફી-શાલ આપી સન્માનિત કરાયા.

પનઘટ કલા કેન્દ્ર અને ભાવિન પટેલ આ નામ માત્ર ગાંધીનગર શહેર પૂરતું નહીં પણ ભારતભરમાં એમની કલાને લીધે કલાકારોમાં પ્રસિદ્ધ છે. ૨૦૦૧ની સાલમાં ગરબા સ્પર્ધાથી શરૂ થયેલી એમની યાત્રા વાઈબ્રન્ટ, સંસ્કૃતિ કુંજ, મુખ્યમંત્રીના બંગલે થઈ ચાંપાનેર-પાવાગઢ, ખેલૈયા ખેલો બારે માસ, પૂનમની રાત પનઘટને સંગાથ, નર્મદા ઉત્સવ, થનગનાટ-મુંબઈ, વૃક્ષમાં બીજ તું, કાંકરીયા, પતંગોત્સવ, માતૃવંદના, અક્ષરધામ વૉટર શો, રણોત્સવ, કલ્ચરલ ફૉરમ આયોજિત જય જય ગરવી ગુજરાત, સંસ્કૃત ગરબાથી લઈ અનિમેષ નૈનેશ સુધી અને રાજભવનથી લઈ રાષ્ટ્રપતિ ભવન સુધી ગરબા લઈ ચૂકી છે.

નમસ્તે સદા નંદરૂપે સાથે ભક્તિ રચના અને બૅકગ્રાઉન્ડમાં દીકરીઓના શાસ્ત્રીય નૃત્ય સાથે એક નવી થીમના કાર્યક્રમનો ઉઘાડ થયો. આ કાર્યક્રમમાં માત્ર સ્ત્રીનાં દીકરીથી લઈ દૈવીસ્વરૂપ સુધીનો ગીતમય યાત્રામાં સ્ત્રી સ્વર જ લેવાયો. ત્રણ કલાક સુધી સ્ત્રીનો મહિમા સ્ત્રીઓ દ્વારા અને નૃત્યમાં પણ યુવતિઓ એવો કદાચ આ પ્રથમ પ્રસંગ બની રહ્યો.

પનઘટ એના પ્રાચીન, અર્વાચિન ગરબા માટે પ્રસિદ્ધ છે અને ગરબા વગર તો કાર્યક્રમ અધૂરો જ કહેવાય, એ નાતે માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે... ગરબો પણ અહીં પ્રસ્તુત થયો હતો. એ ઉપરાંત જનનીની જોડ સખી નહીં જડે રે લોલ... શિવાજીને નીંદરું ના'વે, માતા જીજાબાઈ ઝુલાવે.... ગોરમાનો વર કેસરિયો.... ડાબે હાથે ઓરું સનજ લાપસી, જમણે હાથે ચોળું રે કંસાર...રીમઝીમ રીમઝીમ બાદલ બરસો...ભીંતે ચીતરેલ રૂડાં ગણપતિ... પહેલું પહેલું મંગળિયું વરતાય...કોયલ ઊડી રે ગઈ, પગલાં પડી રે રહ્યાં....મારી મૈયરની શરણાઈ... મારી વેણીમાં ચાર ચાર ફૂલ....છેલાજી રે મારે હાટુ પાટણથી પટોળાં.... છાનું ને છપનું કંઈ થાય નહીં.... જેવાં રૅર અને સંસ્કૃતિને ઉજાગર કરતાં, હૃદયને સ્પર્શી જતાં ગીતોની સુંદર પ્રસ્તુતિ અહીં માણવા મળી.

પનઘટ કલા કેન્દ્રની સાચી સફળતામાં સહભાગી કલાકારોમાં નૈસર્ગી જોષી, મિતિ ભટ્ટ, અંકિત પટેલ, ડૉ. અન્વી શાહ, હીર શુક્લ, મિલન પટેલ, ભવ્યા ભટ્ટ, ડૉ. અનુપમા પંડ્યા, વૈદેહી પંડ્યા, મોનિકા ભાટીયા, ખુશ્બુ ભાવસાર, માનસી રાવલ, પ્રેરણા તિવારી, અમરદીપસિંહ હાડા, ફોરમ તન્ના, ભૂમા દવે, ઉષા પ્રજાપતિ, જિજ્ઞા પટેલ, ઈશા ભટ્ટ, જીનલ દખણી, દિવ્યા પંડ્યા, ડૉ. અનુજા પુરોહિત, દૃષ્ટિ પુરોહિત, વીરભદ્રસિંહ સોલંકી, હેમાંશી ઓડેદરા, ધરતી કંદોઈ, મેહુલ ભોજક, વ્યોમા ભટ્ટ, રિયા હુડાની, પ્રાચી સાલવી, હની ચિતરીયાનું અભિવાદન આ પ્રસંગે કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું રસાળ અને ભાવવાહી સંચાલન હિરેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંગીત સંચાલક શૈલેષ ઠાકર અને શહેરના જાણીતા તબલાંવાદક બલવંત સિંધાની રિધમ પર એકલ દોકલ વરસાદે કેવી ભીંજાતી... સકી મારો સાહ્યબો સુનો... અને ઝીણા ઝીણા રે આંખેથી અમને મળીયા... જેવાં ઑફબીટ ગાતો પણ માણવા મળ્યાં.

સ્ત્રીના સંવેદન મઢ્યા સમર્પણના આ કાર્યક્રમને સાંપ્રત સમયની શ્રેષ્ઠ કાવ્ય સંગીત ગાયિકા ગાર્ગી વૉરા અને હિમાલી વ્યાસ-નાયકે એટલી સરળતાથી-સહજતાથી સૂરોથી સજાવ્યો કે સૌને મોજ પડી ગઈ. વધુ એક યાદગાર કાર્યક્રમ માટે પનઘટ અને ભાવિન પટેલને અભિનંદન.








# આર સી પટેલ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલનો વાર્ષિકોત્સવ શેઠ શ્રી ખીમજી વિસરામ ઍન્ડ સન્સ સંસ્કાર ભવન, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો, જેનો મુખ્ય વિષય 'વસુધૈવ કુટુંબકમ' હતો.

આ પ્રસંગે ડીસા નગરપાલિકાના પ્રમુખ, સંસ્થાના દાતા ચંદુભાઈ એ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે ઈનામો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો. ત્યારબાદ વસુધૈવ કુટુંબકમ વિષયે શાળામાં ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**